નકારાત્મકતા થી સકારાત્મકતા



શું તમે આંતરિક શાંતિ અને સુમેળ ઇચ્છો છો, પરંતુ ભાવનાત્મક ઊથલપાથલ અનુભવો છો? ધ્યાન દ્વારા તમે જે અનુભવો છો તેને કેવી રીતે ટેકો આપી શકો છો? હંમેશાં શાંતિમાં રહો, ઉદાસી, ક્રોધ, લોભ, વાસના આ નકારાત્મક છે. પ્રેમ, સુંદરતા, આનંદ, સ્વતંત્રતા આ સકારાત્મક છે. નકારાત્મકતા સાથે રહો કારણ કે તમે નકારાત્મકતામાં જીવી રહ્યા છો, જ્યારે તમે ઉદાસ હો ત્યારે તેના પર ધ્યાન કરો તેનાથી મુક્ત થવા માટે ઉતાવળ ન કરો, બીજી કોઈ બાબતમાં વ્યસ્ત થવા માટે ઉતાવળ ન કરો જેથી તમે તેને ભૂલી જાવ, તમે તક ગુમાવશો કારણ કે ઉદાસીની પોતાની ઊંડાઈ, તેની પોતાની સુંદરતા, તેનો પોતાનો સ્વાદ છે. તેમાં જીવો, તેમાં આરામ કરો, તેમાં રહો અને તેનાથી છટકી જવાનો પ્રયાસ કર્યા વિના બીજી કોઈ પણ બાબતમાં વ્યસ્ત ન થાઓ તેને રહેવા દો અને તેનો આનંદ માણો! તે તમારા અસ્તિત્વનું ખીલવું છે. ઉદાસી પણ તમારા અસ્તિત્વનું ખીલવું છે અને તમે આશ્ચર્યચકિત થઈ જશો જો તમે ઉદાસી પર ધ્યાન કરી શકો છો તો તે તમારી સામે તેનાં રહસ્યો પ્રગટ કરી દેશે તો તેનું મહાનતમ મૂલ્ય છે અને એક વાર ઉદાસી તમારી ઉપર તેનાં રહસ્યો ઉજાગર કરશે અને તે દૂર થઈ જશે તેનું કાર્ય થઈ ગયું, તેનો સંદેશો અપાઈ ગયો છે. આનંદની ઉત્પત્તિ ત્યારે જ થાય જ્યારે ઉદાસી ધ્યાનના દ્વારા વિદા થઈ જાય. આના સિવાય બીજો કોઈ રસ્તો નથી. જ્યારે તમે તમારી આસપાસના ઉદાસીના ચારેય તરફના ઘેરાને તોડો છો ત્યારે આનંદ ફલે છે. સત્ય એ છે કે ઉદાસી તે બીજનું ખોલ છે તે સુરક્ષિત છે, તે દુશ્મન નથી. એક વાર બીજ તેની સુરક્ષાને જતું કરીને માટીને સમર્પિત થાય છે ખોલ મરી ગયું, ત્યારે જ અંકુર ફૂટે છે. આપણી અંદર આવું જ કંઈક ઘટે છે.

નકારાત્મકતાથી શરૂઆત કરો અને તમારે સકારાત્મકતા વિશે બિલકુલ વિચારવાની પણ જરૂર નથી

કોઈ પણ નકારાત્મકતા પર ધ્યાન કરો અને ધીમે ધીમે તમે આશ્ચર્યથી ભરાઈ જશો. ઉદાસી આનંદમાં ફેરવાય જાય છે, ક્રો ધ



કરુણામાં તબદિલ થાય છે, લોભ આપવામાં બદલાય જાય છે. આ આંતરિક રસાયણશાસ્ત્રનું વિજ્ઞાન છે, નકારાત્મકતાને સકારાત્મકતામાં કેવી રીતે રૂપાંતરિત કરવી, કેવી રીતે અશુદ્ધ ધાતુ સોનામાં રૂપાંતરિત થઈ જાય છે પરંતુ યાદ રાખો ક્યારેય સકારાત્મકતાથી શરૂઆત નહીં કરો કારણ કે તમે સકારાત્મકતા વિશે કંઈ જાણતા નથી, તમે સ્વર્ણની સાથે શરૂઆત નહીં કરો જો તે પહેલાંથી જ તે સોનું હતું તો તેનાથી શરૂઆત કરવાનો શું અર્થ છે? તમારે કોઈ ક્રિયાની જરૂર નથી. તમારે અશુદ્ધ ધાતુથી શરૂઆત કરવી પડશે, અશુદ્ધ ધાતુને સોનામાં રૂપાંતરિત કરવાનું છે, નરક તમે છો, તેને સ્વર્ગમાં રૂપાંતરિત કરવાનું છે. ઝેર ઉપલબ્ધ છે તેને અમૃતમાં રૂપાંતરિત કરવાનું છે. નકારાત્મકતાથી શરૂઆત કરો. દરેક બુદ્ધ આ વાત પર ભાર મૂકે છે કે તમે નકારાત્મકતામાંથી પસાર થાઓ કારણ કે નકારાત્મકતા જ સકારાત્મકતા લાવે છે અને નકારાત્મકતા સરળતાથી સકારાત્મકતા લઈ આવે છે. તમે તેને પોતાની જાત પર લાદતા નથી. જો તમે સકારાત્મકતાથી શરૂઆત કરો જેમ કે સકારાત્મક વિચારકો શીખવે છે, તો તમે નકલી બની જશો. તમે શું કરશો? તમે આનંદથી કેવી રીતે શરૂઆત કરશો? બની શકે કે તમે હસવાનું શરૂ કરી શકો છો પરંતુ તે સ્મિત એક કાલ્પનિક હશે: તે ફક્ત હોઠ પર જ હશે, કોઈ પણ ઊંડાણ નહીં હોય. નકારાત્મકતાથી શરૂઆત કરો અને તમારે સકારાત્મકતા વિશે બિલકુલ વિચારવાની પણ જરૂર નથી. તમે નકારાત્મકતા પર ધ્યાન કરો છો, જો તમે તેના ઊંડાણમાં જાઓ તો તેના ગહનતમ મૂળમાં અચાનક વિસ્ફોટ થાય છે. નકારાત્મકતા વિદા થઈ જાય છે અને સકારાત્મકતાનો જન્મ થાય છે. સત્ય તો એ છે કે તે હંમેશાં ત્યાં જ હતી નકારાત્મકતાની પાછળ છુપાયેલી. નકારાત્મકતા સાથે હોવી જોઈએ અંત સકારાત્મકતા સાથે, સકારાત્મકતા એક ભેટ છે.

(ઓશો : 'ધ બુક ઓફ વીઝડમ' પુસ્તકમાંથી સૌજન્ય: ઓશો ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)

ઓશો વાણી

કાર્તિકી પૂનમ સુધીનું પાવન પખવાડિયું

દીપાવલી મહાપર્વની પર્વશ્રૃંખલાની પૂર્ણાહુતિ થઈ પણ કારતક માસના પ્રારંભ સાથે અનેક ધર્મપર્વનો પણ પ્રારંભ થયો છે. ભાઈબીજ, લાભપાંચમ અને છઠ્ઠપૂજા તહેવારો સાથે કારતક સુદ પૂનમ સુધી પણ અનેક ધર્મ અને સંપ્રદાયોના તહેવારોનો દોર પ્રારંભ થઈ જાય છે. તહેવારો એ માનવજીવનને ધર્મ સાથે સાંકળતો સેતુ છે. આપણાં દેવી-દેવતાઓ અને સાધુ-સંતો સાથે નિકટતા સાધવાનું એક સબળ પરિબળ છે આપણા તહેવારો. કારતકી પૂનમ સુધીના કેટલાક મહત્ત્વપૂર્ણ તહેવારોની મહત્તા સંક્ષિપ્તમાં આજના લેખમાં આપવાનો એક પ્રયાસ છે.

છઠ્ઠ પૂજાનું મહત્ત્વ બિહારીઓમાં અધિક હોય છે પણ બિહારીઓ જ્યાં પણ વસેલા હોય ત્યાં પણ પૂર્ણ શ્રદ્ધાથી છઠ્ઠપૂજન અવશ્ય કરતા હોય છે. સુરતમાં ૩૫% વસ્તી પરપ્રાંતીઓની છે. જેમાં બિહાર, યુ.પી., ઓરિસ્સા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, પ.બંગાળ અને છેક દક્ષિણ રાજ્યોમાંથી આવનારાઓની ગણતરી કરી શકાય. એમાં પણ બિહારીઓની વસ્તી ૩૫ લાખથી વધુ છે અને તેઓની શ્રદ્ધાનું સમ્માન જાળવવું એ સુરતની ફરજ છે. જો કે આજે છઠ્ઠપૂજાની આથમતા સૂર્યની પૂજા સાથે પૂર્ણાહુતિ થશે પણ શ્રદ્ધાળુઓની આસ્થાને ધ્યાનમાં રાખી સુરત કોર્પોરેશને તાપીનદીના ૧૮ ઘાટ પર ૮૦થી વધુ વેદી બનાવી સૂર્યપૂજા માટે સગવડ કરી આપી હતી, અનિચ્છનીય બનાવ ના બને તે માટે સુરક્ષાકર્મીઓ સાથે ૨૦૦ જેટલા સ્વયંસેવકો પણ સેવામાં હાજર હતા.

આજે સૌરાષ્ટ્રના સંત જલારામ બાપાની ૨૨૬ દિવસની જન્મજયંતી છે. જલારામ બાપાના વીરપુરની શેરીઓ અને બજારો ધ્વજ-પતાકા અને લાઈટીંગથી ઝળહળી ઊઠ્યા છે. વીરપુરવાસીઓએ રંગોળીથી આંગણાં સજાવ્યાં છે. લાખોની મેદની આજે બાપાના દર્શન કરશે અને સદાવ્રતને રસોડે મહાપ્રસાદ પણ લેશે. ૨૦૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી ચાલતા વીરપુરના સદાવ્રતમાં રોજ હજારો શ્રદ્ધાળુઓ પ્રસાદ લે છે. મંદિરની વિશેષતા એ છે કે ૨૦૦ ની સાલથી મંદિરે દાન લેવાનું બંધ કરી દીધું છે છતાં આજની તારીખે કન્ટેનર અને ટેન્કરો ભરાઈને અનામી દાતાઓ દાનનો પ્રવાહ ચાલુ રાખે છે. વીરપુર મંદિરમાં જલારામ બાપાના હસ્તે પ્રસ્થાપિત રામ-લક્ષ્મણ-જાનકી અને હનુમાનજીની પ્રતિમાના દર્શન થાય છે. જલારામ વીરપુરના મંદિરે બાપાની મૂર્તિ નથી પણ બ્રિટિશ ફોટોગ્રાફરે બાપાની તસવીર ખેંચેલી જેને મોટી સાઈઝમાં ફ્રેમ બનાવીને દર્શનાર્થે રખાઈ છે.

તા. ૧૯મીને ગુરૂવારે રંગ અવધૂત જયંતી ઉજવાશે. ગુજરાતના ગોધરા ખાતે મરાઠી દંપતી વિઠ્ઠલપંત અને કાશીબેનને ત્યાં કારતક સુદ નોમના દિવસે (૧૮૮૮ માં) જન્મેલા રંગ અવધૂત મહારાજ એક સમયે શિક્ષક હતા પણ ૧૯૨૩માં નોકરી છોડી સાધુજીવન સ્વીકાર્યું હતું. તેઓ આજીવન બ્રહ્મચારી રહ્યા હતા. ભગવાન દત્તાત્રેયના પરમ ભક્ત રંગ અવધૂતજીના આધ્યાત્મિક ગુરૂ વાસુદેવાનંદ સરસ્વતી હતા. નર્મદા કાંઠાની નારેશ્વરની પાવન ભૂમિ પર આશ્રમ બનાવીને ધ્યાન-ભક્તિ કરતા. તેમના દ્વારા રચાયેલી દત્તભાવની આજે ઘરે-ઘરે બોલાય છે. રંગ અવધૂતજીની ૧૨૮મી જન્મ જયંતીના અવસરે નારેશ્વર ખાતે દર્શનાર્થીઓનો મેળો જામશે. ગુજરાત-મહારાષ્ટ્ર અને વિદેશમાં વસતા દત્ત અનુયાયીઓ નારેશ્વરમાં ભીડ જમાવશે. દર્શનાર્થીઓ માટે અહીં રહેવા-જમવાની સગવડ પણ છે. અવધૂત આશ્રમની આજુબાજુ સગવડદાયી ગેસ્ટહાઉસ પણ ઉપલબ્ધ છે.

સનાતનીઓના વિવિધ સંપ્રદાયના સૌ કોઈને સ્પર્શતો કારતક સુદ અગિયારસનો મહોત્સવ છે. આ વૃષ્ઠતિથિ હોવાથી તા. ૨૦ શુક્રવાર અને ૨૧મીના શનિવારે પણ દેવઊઠી એકાદશી છે પણ ઉદયતિથિ તા. ૨૧મીને શનિવારે હોવાથી એકાદશીનું વ્રત અને તુલસીવિવાહ શનિવારે જ વધુ ફળદાયી ગણાશે. અગિયારસે ચાતુર્માસ પૂર્ણ થશે. ભગવાન વિષ્ણુ ધાર્મિક માન્યતા મુજબ આ દિવસે જાગશે અને વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ સાથે દેવી તુલસીના વિવાહ યોજાશે. આ દેવઊઠી એકાદશીથી લગ્ન, વાસ્તુ ઈત્યાદિ શુભકાર્યો થઈ શકશે. આ શુભ દિવસે લક્ષ્મીનારાયણની પૂજાનું વિશેષ મહત્ત્વ છે.



અગિયારસે ચાતુર્માસ પૂર્ણ થશે. ભગવાન વિષ્ણુ ધાર્મિક માન્યતા મુજબ આ દિવસે જાગશે અને વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ સાથે દેવી તુલસીના વિવાહ યોજાશે. આ દેવઊઠી એકાદશીથી લગ્ન, વાસ્તુ ઈત્યાદિ શુભકાર્યો થઈ શકશે. આ શુભ દિવસે લક્ષ્મીનારાયણની પૂજાનું વિશેષ મહત્ત્વ છે

જુનાગઢનો ગિરનાર પર્વત તેના બે મુખ્ય અવસરો માટે ખૂબ વિખ્યાત છે. એક શિવરાત્રિનો મેળો અને બીજી ગિરનારની લીલી પરિક્રમા. દેવઊઠી એકાદશીથી પ્રારંભાતી લીલી પરિક્રમાનો ૩૬ કિ.મી.નો રૂટ યાત્રાળુઓ પાંચ દિવસમાં એટલે કે કારતકી પૂનમ સુધીમાં પૂર્ણ કરે છે. ભવનાથની તળેટીથી પ્રારંભાતી પાંચ દિવસીય પરિક્રમામાં રાતવાસો કરવા માટેના ચાર પડાવ આવે છે. ભવનાથની તળેટીથી ૧૨ કિ.મી.નું અંતર કાપ્યા પછી ઝીણાબાવાની મઢી તરીકે ઓળખાતો પ્રથમ પડાવ આવે છે. જ્યાં આખા દિવસની યાત્રા પછી યાત્રાળુઓ ભોજન-પ્રસાદ લઈને વિશ્રામ કરે છે. ત્યાંથી આઠ કિ.મી.ના અંતરે માળવેલા પડાવ આવે છે. માળવેલાથી બોરદેવી પડાવનું અંતર પણ આઠ કિ.મી.નું છે. બોરદેવીથી અંતિમ ચોથો પડાવ ભવનાથની તળેટી ગણાય છે. ખાડા ખરબચડાવાળા ઊંચા-નીચા ઢળાવવાળા રસ્તા પરની આ પરિક્રમા કપરી ગણાય છે. જો કે પરિક્રમા દરમ્યાન અનેક સ્થળે અલભ્ય કહેવાતા સાધુ-સંતોના દર્શનનો લાભ મળે છે. પરિક્રમાના રસ્તે અનેક જગ્યાએ ધૂન-ભજન મંડળી દ્વારા થતાં પ્રોગ્રામો યાત્રાનો થાક નથી લાગવા દેતા. અનેક સેવાભાવી સંસ્થાઓ પરિક્રમા રૂટ પર ૮૦થી વધુ અન્નક્ષેત્રોનું આયોજન કરતા હોય છે જ્યાં નિઃશુલ્ક ભોજનપ્રસાદ યાત્રાળુઓને મળી રહે છે. તો કોમર્શિયલ સ્ટોલની સંખ્યા પણ ૨૦૦થી વધુ હોય છે જ્યાં યાત્રામાં ફ્રીમાં ભોજન નહિ કરવા ઇચ્છતાં લોકો મનપસંદ ભોજન પણ કરી શકે છે. અહીં ગરીબ કે મધ્યમવર્ગી સ્વમાની યાત્રાળુઓ સાથે સીધુ લઈને આવતા હોય છે એટલે જ્યાં પડાવ હોય અથવા તો અનુકૂળતા દેખાય ત્યાં જાતે ભોજન રાંધીને આરોગતા હોય છે. જંગલી જાનવરોથી સુરક્ષા માટે હથિયારધારી સુરક્ષાકર્મીઓ પણ પરિક્રમા રૂટ પર ઠેરઠેર ગોઠવાયેલા હોય છે તો પ્રકૃતિની પણ સુરક્ષા માટે અહીં પ્લાસ્ટિક બોટલ કે બેગ પર સખત પ્રતિબંધ છે. પરિક્રમાનો પ્રારંભ થાય તે રૂપાયતન ગેટ પાસે ચેકીંગ કરી પ્લાસ્ટિક બોટલ-બેગ જપ્ત કરી લેવાય છે અને યાત્રાળુઓને તકલીફ ના પડે તે માટે કાપડ-કંતાનની બેગ ફ્રીમાં અપાય છે. દામોદર કુંડમાં સ્નાન કરી ભવનાથ તળેટીથી પ્રારંભાતી લીલી પરિક્રમા પાંચ દિવસે અહીં જ પૂર્ણ થતી હોય છે. કારતક માસની દેવઊઠી અગિયારસે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામે યોજાતો એક લોકમેળો પણ ખૂબ વિશિષ્ટતા સાથે વિખ્યાત છે. એકાદશીથી પૂનમ સુધી ચાલતો આ મેળો ગધેડા અને ઊંટનાં ખરીદ-વેચાણ માટે ખૂબ જાણીતો છે. કાઠિયાવાડી અને રાજસ્થાની નસલના ગધેડાઓ ખૂબ મજબૂત ગણાય છે. તેના દાંત, કાન અને શરીરના અમુક ભાગો પરથી તેની કિંમત નક્કી થતી હોય છે. ખાસ કરીને વિચરતી વણઝારા કોમના લોકો ખરીદ-વેચાણના મુખ્ય સૂત્રધારો હોય છે. ગધેડાઓને વેચવા માટે ગળામાં મોટા મણકાની માળા, ઘૂઘરા તેમ જ રંગીન ફૂમતાં દ્વારા શણગારાય છે તો કેટલાંકને લાલ, પીળા, લીલા કે કેસરી રંગોથી રંગીને વેચાવા લવાતા હોય છે. સારી નસલના પ્રાણીઓ ૧૦,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધીની કિંમતે વેચાતા હોય છે. જો કે આ સિવાય પણ આ લોકમેળાનું ધાર્મિક મહત્ત્વ પણ રહેલું છે. વૌઠા ગામ એ સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો, માઝમ અને શેઢી એમ સાત નદીઓના સંગમ તટે વસેલું એક તીર્થધામ છે. સપ્તસંગમસ્થાન હોવાથી અહીં સ્નાનનું પણ મહત્ત્વ છે. મેળામાં આવતા યાત્રાળુઓ અહીં સ્નાન કરી બાજુના શિવમંદિર અને કાર્તિક સ્વામીના મંદિરે દર્શન કરી મેળામાં ભ્હાલે છે.

વૌઠા ગામ માટે અનેક ધાર્મિક કથાઓ પણ છે. પૃથ્વીની પ્રદક્ષિણાએ નીકળેલા શિવજીના જ્યેષ્ઠ પુત્ર કાર્તિક સ્વામી આ સંગમસ્થાને સ્નાન કરવા રોકાયા હતા તેથી અહીં સરિતાસ્નાનનું અધિકાધિક મહત્ત્વ છે. તો એક કથા એવી પણ છે કે મહાભારત કાળમાં આ સ્થળે વિરાટનગરી હતી અને પાંડવોએ અજ્ઞાતવાસનો સમય અહીં વિતાવ્યો હતો. દૈત્યોના સંહાર માટે દેવોને શસ્ત્રો બનાવવા પોતાનાં હાડકાંનું દાન દેનાર મહર્ષિ દધિચીનો આશ્રમ પણ આ સાત નદીઓના સંગમના તટે હતો એટલે વૌઠાની પાવન ભૂમિ એક તીર્થસ્થળ તરીકે પણ મહત્ત્વતા ધરાવે છે.

સ્વામીનારાયણ સંપ્રદાયના નીલકંઠવર્ણીને રામાનંદ સ્વામીએ ભગવતી દીક્ષા આપી સહજાનંદ સ્વામી અને નારાયણ મુનિ એવા નામ આપેલ અને એ સમયે હતો સંવત ૧૮૫૭ની દેવઊઠી એકાદશી, એટલે સ્વામીનારાયણ સંપ્રદાય માટે આ એકાદશીનું એ રીતે પણ વિશેષ મહત્ત્વ છે.

કાર્તિકી પૂનમ, સંવત ૧૫૨૯ના રોજ પ્રથમ શીખગુરૂ ગુરૂનાનકનો જન્મ થયો હતો એટલે ગુરૂ નાનક જયંતી પ્રત્યેક કાર્તિકી પૂર્ણિમાએ ઉજવાય છે. આ અવસરે ગુરૂદ્વારાઓમાં પ્રાર્થના, કીર્તન, પાઠ સાથે પ્રસાદ લંગરના જેવા પણ વિશેષ કાર્યક્રમો યોજાતા હોય છે.

જૈન સમાજમાં પણ કાર્તિકી પૂનમે ચાતુર્માસ પૂર્ણ થતાં હોય છે એટલે એક જગ્યાએ સ્થિર થયેલા જૈન સાધુ, સાધ્વીઓ અને ભગવંતો ફરીથી વિહાર શરૂ કરી દે છે. જૈનોની શેત્રુંજય તીર્થયાત્રા ચાર મહિના બંધ રહી હોય છે. પાલીતાણા સ્થિત શેત્રુંજય ગિરિરાજના દ્વાર ખૂલતાં લાખો જૈન યાત્રાળુઓ ગિરિરાજની ભાવયાત્રા અને છ ગાઉની પરિક્રમા માટે ઉમટી પડે છે. અનેક ધર્મ અને સંપ્રદાયોના તહેવારો લાવતું કાર્તિકી પૂનમ સુધીનું પખવાડિયું પાવન તો ખરું જ.

સંસ્કૃતિ દર્શન
સનત દવે


શ્રીકૃષ્ણ, યમુનાજી અને કાલીયનાગનો ધરો

કંસના આતંકથી ત્રસ્ત થયેલા વસુદેવ-દેવકીના આઠમા સંતાન તરીકે શ્રીકૃષ્ણનો જન્મ થયો. કંસના કારાગૃહમાં જન્મ થયો હોવાથી તેમ જ કંસના ભયથી વસુદેવ તેમને ગોકુળમાં નંદ-યશોદાને ત્યાં મૂકી આવ્યા હોવાથી શ્રીકૃષ્ણનું બાળપણ ગોકુળમાં વીત્યું. ગોકુળમાં તેમણે અનેક લીલાઓ કરી હતી. તેમાંની એક લીલા એટલે કાલીયનાગનું દમન. કાલીયનાગ યમુનાજીના એક ધરામાં રહેતો હતો. તેના ઝેરી શ્વાસોચ્છ્વાસથી યમુનાજીનું પાણી ઝેરી બની ગયું હતું. તેના ઝેરી પાણીને કારણે યમુનાજીના કિનારે ઊગતું ઘાસ પણ ઝેરી બની ગયું હતું. તેના ઝેરી પાણીને કારણે યમુનાજીમાં રહેતાં જીવજંતુ, માછલાં, કાચબા વગેરે મૃત્યુ પામતાં હતાં. યમુનાજીના પાણીને પીવાથી કે તેમાં સ્નાન કરવાથી પશુ-પક્ષીઓ પણ મૃત્યુ પામતાં હતાં. આ કાલીયનાગ યમુનાજીના ધરામાં રહેતો હોવાથી ત્યાં ઊગેલા સુંદર ઘાસને ચરવા માટે આવવા માંડ્યાં. દુષ્ટ દૈત્યોનો વિનાશ કરી, તાલવનને નિર્ભય તથા સર્વ માટે ઉપયોગી બનાવવાના કાર્યના થોડા વખત પછી, ભગવાન શ્રીકૃષ્ણે કાલીયનાગને યમુનાના જળમાંથી દૂર કરવાની અને જળને શુદ્ધ કરવાની જે લીલા કરી તેને સમજીએ.

એક દિવસ કોઈ પ્રસંગના કારણે બળદેવ વ્રજમાં રોકાઈ ગયા હોવા છતાં પણ, બીજા મિત્રો સાથે શ્રીકૃષ્ણ ગાયો ચરાવવા માટે વનમાં નીકળ્યા. તેઓ વૃંદાવનમાં ફરતાં ફરતાં લતાઓરૂપી તથા ફળ અને પુષ્પથી લચેલા રુચિર અલંકારોવાળા વૃક્ષોથી શોભી રહેલા યમુનાના કિનારા પર ગયા. ત્યાં તેઓ કામિનીના કટાક્ષો જેવા કુટિલ તરંગોથી ઉછળતી, શીતળ જળના તથા સુગંધી પુષ્પોના સ્પર્શથી મનોહર પવનવાળી, વનિતાના નેત્રોની માફક શોભી રહેલ અનેક પ્રફુલ્લિત કમળોવાળી યમુના નદીને નિહાળવા માંડ્યા.

સુંદર આરાઓવાળી, પ્રબળ વેગથી ચાલતી, ગંભીર જળમાં નાહી નાહીને બહાર નીકળતા પવનના વેગોથી વૃક્ષોની શાખાઓને નમાવી દેતી, હંસ, સારસ તેમ જ બતક વગેરે પક્ષીઓનાં જોડાંઓને ઘણા પ્રેમથી સેવતી અને શીતળતા, નિર્મળતા આદિ સર્વ સદ્‌ગુણ ધરાવનારા જળવાળી, યુવતીના નિતંબમંડળ જેવા પુષ્ટ તટોવાળી, વનિતાઓની નાભિઓ જેવી ગંભીર ચક્રીઓવાળી, ઊંડા પ્રદેશમાં કૃશ હોવાના કારણે યુવતીના ઉદર જેવા જણાતા પ્રવાહોવાળી, નૂપુરોના શબ્દો જેવા સારસ પક્ષીઓના શબ્દોથી મનનું હરણ કરતી, ફીણના પુંજોથી તથા કાંસડાનાં પુષ્પોથી સફેદ સાડી પહેરેલી હોય તેવી દેખાતી, જળની ઇન્દ્રનીલમણી જેવી પ્રભાથી નેત્રોને પરમ સંતોષ આપતી, અને જળની નિર્મળતાને કારણે ઊંડે ઊંડે રહેલા કાચબાઓને પણ દ્રશ્યમાન બનાવી દેતી 'યમુના' નદીને શ્રીકૃષ્ણ એકીટશે જોવા લાગ્યા.

યમુનાજીના દર્શનનો આનંદ લેતાં લેતાં શ્રીકૃષ્ણ તટોની આસપાસ ફરી રહ્યા હતા. ત્યાં વ્રજથી એક કોશ દૂરના અંતરે, જળથી ભરેલા મેઘના અત્યંત શ્યામ વાદળોથી જેમ આકાશ ભરાઈ જાય તેવો લાગતો, ગંભીર અને નિષ્કંપ ભરેલો હોવાથી સમુદ્ર જેવો જણાતો, ઝેરના અગ્નિથી ઉત્પન્ન થયેલા ધુમાડાથી ઘેરાયેલો, આસપાસ જામેલા સર્પોના મોટા રાફડાઓને કારણે કોઈને પણ નજદીક આવવા નહિ દેતો, દેવતાઓને પણ દુષ્કર લાગે તેવો, આકાશમાં ફરતા પક્ષીઓ પણ જેની ઉપરથી ઊડવા જતાં તરત જ જળમાં પડી જતા એવો, પવનથી ઊડીને આવતા અને પોતાની પર પડતા તણખલાઓને ભસ્મ કરી નાખતો, ઝેરની અસરથી આસપાસનાં વૃક્ષો, પુષ્પો તેમ જ ફળો અને ડાળીઓને રસથી રહિત કરી ફક્ત ઠૂંઠારૂપે રહેવા દેતો, તરસથી પીડાતા પ્રાણીઓને પણ અ-પેય રહેવા દેતો અને જેની અંદર મત્સ્ય, કાચબા કે બીજા કોઈ પણ જળચર પ્રાણીનો વાસ નહોતો તેવો એક મોટો 'ધરો' (ઝીલ, નદીના તટ વચ્ચે ઘેરાયેલું તળાવ) જોવામાં આવ્યો. એ ધરાને જોઈને શ્રીકૃષ્ણ ઉત્કંઠાથી તેની પાસે જવા લાગ્યા. તેવામાં આ દ્રશ્ય જોઈ રહેલા ત્યાં ગંભીર ચકરીઓવાળી, ઊંડા પ્રદેશમાં કૃશ હોવાના કારણે યુવતીના ઉદર જેવા જણાતા પ્રવાહોવાળી, નૂપુરોના શબ્દો જેવા સારસ પક્ષીઓના શબ્દોથી મનનું હરણ કરતી, ફીણના પુંજોથી તથા કાંસડાનાં પુષ્પોથી સફેદ સાડી પહેરેલી હોય તેવી દેખાતી, જળની ઇન્દ્રનીલમણી જેવી પ્રભાથી નેત્રોને પરમ સંતોષ આપતી, અને જળની નિર્મળતાને કારણે ઊંડે ઊંડે રહેલા કાચબાઓને પણ દ્રશ્યમાન બનાવી દેતી 'યમુના' નદીને શ્રીકૃષ્ણ એકીટશે જોવા લાગ્યા.



શ્રીકૃષ્ણે મનમાં વિચાર્યું કે મેં આવા આવા દુષ્ટ લોકોના નિગ્રહના માટે જ તો અવતાર ધારણ કર્યો છે. કાલીયનાગે યમુનાના જળને તો દૂષિત કર્યું જ છે પરંતુ આ સમગ્ર પ્રદેશને પણ ધગધગતા અગ્નિની માફક અસ્પૃશ્ય કરી નાખ્યો છે

શ્રીકૃષ્ણે મનમાં વિચાર્યું કે મેં આવા આવા દુષ્ટ લોકોના નિગ્રહના માટે જ તો અવતાર ધારણ કર્યો છે. કાલીયનાગે યમુનાના જળને તો દૂષિત કર્યું જ છે પરંતુ આ સમગ્ર પ્રદેશને પણ ધગધગતા અગ્નિની માફક અસ્પૃશ્ય કરી નાખ્યો છે. જાણે દુકાળ પડ્યો હોય તેમ વૃક્ષો અને ઘાસચારા વગરનો કરી નાખ્યો છે. વર્ષાઋતુ હોય તેમ કિનારા પર જવાના માર્ગોથી પણ રહિત કરી નાખ્યો છે માટે તેને બરાબર શિક્ષા કરવી એકદમ ઉચિત છે કે તેથી તે આ જગ્યા છોડી અન્યત્ર ચાલ્યો જાય. એટલા માટે હું એક કામ કરું કે મિત્રો સાથે રમતાં રમતાં દડાને આ ધરામાં ફેંકી દઈશ અને બાળલીલાથી જ આ કદંબના ઝાડના ઠૂંઠા પર ચઢી ભયંકર ધરામાં પડીને આ ભયંકર કહેવાતા કાલીયનાગને બરાબરનો પાઠ ભણાવી અહીંથી ભગાવી મૂકીશ કે જેથી મને ત્યાં નહિ જવાની સલાહ આપનાર આ વૃદ્ધ ગોપ પણ મને અટકચાળો જાણીને તેમના વચનનું મેં અપમાન કર્યું છે તેમ સમજશે નહિ. આ પ્રમાણે વિચાર કરી શ્રીકૃષ્ણ, વૃદ્ધ ગોપની નજર બચાવી મિત્રો સાથે દડો રમતાં રમતાં દૂર નીકળી ગયા, દડાને ધરામાં નાખ્યો અને પછી પહેલવાનની જેમ કમરબંધ મજબૂત બાંધી લઈ તરત જ કદંબના ઠૂંઠાવાળા ઝાડ પર ચઢી ગયા. કદંબનું ઝાડ પીળા રંગના ગોળ ફૂલોવાળું હોય છે. સામાન્ય રીતે તે વૃંદાવનના પ્રદેશમાં વધારે જોવામાં આવે છે અને ભગવાન શ્રીકૃષ્ણને ખૂબ પ્રિય છે. જેવા તેઓ આ કદંબના ઝાડ પર ચઢ્યા કે તેમના ચરણકમળના સ્પર્શથી તે ઝાડ તરત જીવિત થઈ ગયું. ખૂબ જ ચપળતાથી અન્ય કોઈ પણ બીજું કંઈ વિચારે તે પહેલાં શ્રીકૃષ્ણે પોતાના શરીરને એ ભયંકર ધરામાં પડતું મૂક્યું.

અપરિમિત બળવાળા શ્રીકૃષ્ણના કૂદી પડવાથી કાલીયનાગના ધરાનું જળ ખૂબ જ ક્ષોભ પામ્યું અને તેના ઊછેલા ભયંકર વમળ, મોજાંઓ રૂપે ચારસો હાથ જેટલા ઊંચે ઊછળ્યા. એટલું જ નહિ પરંતુ પૃથ્વી પર પણ ચારસો હાથ જેટલા વિસ્તારમાં ફેલાયા. ભગવાન શ્રીકૃષ્ણ તો સમસ્ત શક્તિઓથી ભરપૂર છે. તેઓ મદોન્મત્ત હાથીની જેમ જળમાં વિહાર કરવા માંડ્યા અને હાથીની જેમ ગર્જના કરવા માંડ્યા.

(ક્રમશઃ)

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ